# IIT-Gn ખાતે ઈન્સ્ટ્રીયલ ઓપન હાઉસ આજે યોજાશે

ભારત હવે તે કૃષિપ્રધાન દેશમાથી ઉધોગ પ્રધાન દેશ બનવા તરફ ગતી કરી રહ્યો છે.જે બાબતની સાક્ષી ભારતમાં આજે મલ્ટીનેશનલ કંપનીઓ સામેચાલીને વિવિધ ઉધોગોમાં રોકાણ કરી રહી છે.આ સાથે ભારતીય ઉધોગપતિઓ પણ પોતોની ઉધોગ સાહસિકતા પરિણામે વિશ્વભરમાં જાણીતા બન્યા છે. ભારતના આ ઉધોગપતિઓ અને તેમની સંચાલન કેવી રીતે કરે છે તે વિશે સ્ટુડન્ટસને પણ માહિતિ મળે અને ડાયરેક્ટ ઈન્ટ્રેક કરવાનો મોકો મળે તે માટે આજે ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર ખાતે પહેલી ઈન્સ્ટ્રીયલ ઓપન હાઉસનું આયોજન કર્યુ છે.

આ ઈન્સ્ટ્રીયલ ઓપન હાઉસમાં ભારતના અગ્રણી ઉધોગપતિઓ હાજર રહીને લેકચર દ્વાર અને પ્રોડક્ટ ડિસપ્લે દ્વારા કેવી રીતે કંપનીમાં તેને બનાવવાથી માથી માર્કેટિંગ કરવામા આવે છે? તેમા કેવા પ્રકારના ટુલ્સ યુઝ કરવામા આવે છે જેવા વિવિધ વિષયો પર માહિતી આપશે. જેમાં પોસ્ટર એક્ઝિબિશન, રિસર્ચ પેપર અને ઈન્ડસ્ટ્રીની કેટલીક અવનવી વાતો સ્ટુડન્ટ્સને જાણવા મળશે.

**ભારતના અગ્રણી ઉધોગપતિઓ સાથે સ્ટુડન્ટસ ડાયરેક્ટ ઈન્ટરેક્ટ કરીને ઉધોગ જગત વિશે માહિતી મેળવશે**